કા.સ.ઠ.નં.૩૨૬/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા સે.ક.ઠ.નં.૧૫૦ / તા.:૧૫–૭–૧૫ની ભલામણ મુજબ, ચર્ચા – વિચારણાના અંતે હાલ આ કામ મુલતવી રાખવાનુ ઠરાવવામા આવે છે.
–સ.મ.મંજુર..

જ.બો.ઠ.નં. ૮૭૫/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

કામ નં.૪૧.

વિષય.: કા.સ.ઠ.નં.૩૨૭/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા સે.ક.ઠ.નં.૧૫૧/તા.:૧૫–૭–૧૫ની ભલામણ મુજબ સફાઈવેરાની ગ્રાંન્ટમાંથી મોગરાવાડી – અબ્રામા રોડ ઉપર નાળા નાંખવા બાબત..

દરખાસ્ત મુકનાર.:શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.:પટેલ કુસુમબેન

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૩૨૭/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા સે.ક.ઠ.નં.૧૫૧/તા.:૧૫–૭–૧૫ની ભલામણ મુજબ મોગરાવાડી – અબ્રામા રોડ ઉપર લાંબા સમયથી ઉભરાતી ગટરનો પ્રશ્ન હલ કરવા નગરપાલિકા ના સભ્યશ્રી ઝાકીરભાઈ પઠાણે આ બાબતે ચીફ ઓફીસરશ્રીને રજુઆત કરેલ હતી અને આ પ્રશ્ન હલ કરવા જણાવેલ હતું.વોર્ડ નં.૯મા સી.કે.પટેલના ઘર પાસેથી ધર્મેશ કનોજીયાના ઘર સુધી વપરાશી / વરસાદી પાણીના નિકાલ પાસેની ગટર લાઈન એન.પી.૩,૬૦૦એમ.એમ.ડાયામીટરપાઈપ નાંખવા માટે બાંધકામ શાખાના ઈજનેરશ્રી પાસેથી એસ્ટીમેઈટ કઢાવી ,આ કામ અંગેની જરૂરી કાર્યવાહી કરી , સફાઈવેરા પ્રોત્સાહન ગ્રાંન્ટમાંથી ઉપરોકત કામગીરી કરાવવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.
–સ.મ.મંજુર..

જ.બો.ઠ.નં. ૮૭૬/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

કામ નં.૪૨.

વિષય.: કા.સ.ઠ.ન.૩૨૮/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા સે.ક.ઠ.નં.૧૫૨ / તા.:૧૫–૭–૧૫ની ભલામણ મુજબ,પારડીસાંઢપોરની લેન્ડફીલ સાઈટ પર જવાનો રસ્તો બનાવવા બાબત..

દરખાસ્ત મુકનાર.:શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.:પટેલ કુસુમબેન

ઠરાવ.:

કા.સ.ઠ.ન.૩૨૮/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા સે.ક.ઠ.નં.૧૫૨ / તા.:૧૫–૭–૧૫ની ભલામણ મુજબ વલસાડ શહેરમાથી નીકળતો ધનકચરાનો નિકાલ પારડીસાંઢપોર ખાતે આવેલ લેન્ડફીલ સાઈટ પર કરવામા આવે છે.નગરપાલિકાના વાહનોને રસ્તો ખરાબ હોવાથી જવા – આવવાની તકલીફ પડે છે.અને વાહનો વારંવાર બગડે છે.અને ખરાબ થાય છે.જો રસ્તો સારો હોય તો વાહનોને જવા – આવવાની સરળતા રહે અને કામગીરી પણ સારી રીતે કરી શકાય અને વાહનોમા ખર્ચ પણ ઓછો આવે જેથી આ કામે બાંધકામ શાખાના ઈજનેરશ્રી પાસેથી એસ્ટીમેઈટ કઢાવી આ રોડ નવો બનાવવા અંગેની જરૂરી કાર્યવાહી કરી યુડીપી –૭૮ની ગ્રાન્ટમાંથી આયોજન કરી ઉપરોકત કામગીરી કરાવવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.
–સ.મ.મંજુર..

જ.બો.ઠ.નં. ૮૭૭/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

કામ નં.૪૩.

વિષય.:  કા.સ.ઠ.નં.૩૨૯/તા.:૧૯–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ વોર્ડ નં.–૬ વિસ્તારમાં નવો ટી.પી.રોડ હાલે કાચો રસ્તો છે. જેને ૮૦એમએમ જાડાઈનાં પેવરબ્લોકનો બનાવવા અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા. ૫,૦૭, ૪૩૮/– પુરા મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.:શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.:ભાનુશાલી પ્રવિણભાઈ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૩૨૯/તા.:૧૯–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ ચર્ચા – વિચારણાના અંતે હાલ આ કામ મુલતવી રાખવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

જ.બો.ઠ.નં. ૮૭૮/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

કામ નં.૪૪.

વિષય.: કા.સ.ઠ.નં.૩૩૦/તા.:૧૯–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ જિલ્લા પંચાયત કોલોની પાસે નગરપાલિકાના ગંદા પાણીના નિકાલ માટે ૯૦૦ એમએમ ડાયાનાં આર.સી.સી. પાઈપ લાઈન નાંખવા અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા. ૩,૪૮,૦૦૦/–પુરા મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.:શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.:દેસાઈ ધર્માબેન

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૩૩૦/તા.:૧૯–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ જિલ્લા સંકલન સમીતીમા મળેલ માન. ધારાસભ્યશ્રી ભરતભાઈ કે. પટેલની રજુઆત મુજબ જિલ્લા પંચાયત કોલોની પાસે નગરપાલિકાનું ગંદુ પાણી ભેગુ થાય છે.વધુમા આ ભાગે નગરપાલિકા સોસાયટી ગીતાજંલી / ટાગોર / રવીન્દ્રનગર સોસાયટીના રહીશોની ફરીયાદને ઘ્યાને લઈ ૯૦૦ એમએમ ડાયાનાં આર.સી.સી. પાઈપ જિલ્લા વિકાસ અધિકારીશ્રીની સાથે મળીને યોગ્ય નિકાલ કરવા માન.કલેકટર સાહેબ,વલસાડ તરફથી સુચના મળેલ છે.જે અન્વયે સ્થળ તપાસ કરતા નવા આર.સી.સી.પાઈપ લાઈન નાંખવાની જરૂર છે.જે અંગે સ્થાનીક બજારમાથી ટેન્ડરના મંજુર થયેલ ભાવોથી ખરીદ કરી કામગીરી કરાવવા અંગેનુ આવેલ એસ્ટીમેઈટ રૂા. ૩,૪૮,૦૦૦/–અંકે રૂપિયા ત્રણ લાખ અડતાલીસ હજાર પુરા મંજુર કરી કામગીરી કરાવવાનુ ઠરાવવામા આવે છે. –સ.મ.મંજુર..

જ.બો.ઠ.નં. ૮૭૯/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

કામ નં.૪૫.

વિષય.: કા.સ.ઠ.નં.૩૩૧/તા.:૧૯–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ શ્રી મહાત્મા ગાંધી સાર્વજનિક પુસ્તકાલય, વલસાડને સને ૨૦૧૫–૧૬ ના વર્ષ માટે મળેલ રૂા.૧૦૦,૦૦૦/– ની જમા થયેલ ગ્રાંન્ટમાંથી રૂા.૫૦,૦૦૦/– ના લેટેસ્ટ તદ્દન નવા પુસ્તકો ખરીદવા બાબત..

દરખાસ્ત મુકનાર.:શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.:પટેલ શારદાબેન

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૩૩૧/તા.:૧૯–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ શ્રી મહાત્મા ગાંધી સાર્વજનિક પુસ્તકાલય ,વલસાડને સને ૨૦૧૫–૧૬ ના વર્ષ માટે ગ્રંથાલય નિયામકશ્રી,ગુજરાત રાજય ,ગાંધીનગર તરફથી મળેલ રૂા.૧,૦૦,૦૦૦/– ની અનુદાનની રકમનો ડ્રાફ્ટ મળેલ છે.સદર મળેલ અનુદાનની રકમમાથી રૂા.૫૦,૦૦૦/– ના લેટેસ્ટ તદ્દન નવા પુસ્તકો ખરીદી માટે અને બીજા પુસ્તકાલયના નિભાવ ખર્ચ માટે ઉપયોગ સારુ વાપરવા માટે ગ્રંથાલય નિયામકશ્રીની કચેરીના અધિકારીશ્રી તરફથી સુચન કરેલ છે.તેમજ લાયબ્રેરીમા નવા પુસ્તકો વસાવવા માટે સભ્યપદ ધરાવતા વાચકસભ્યો તરફથી સજેશનો પણ કરવામા આવે છે.જે માટે સને ૨૦૧૫મા પ્રકાશિત થયેલા નવા પુસ્તકોની યાદી તૈયાર કરવા માટે જે તે પુસ્તક પ્રકાશન અને વિક્રેતા પાસેથી નવા પુસ્તકોના સુચીપત્રો મંગાવી તદ્દન નવા લેટેસ્ટ પુસ્તકોની યાદી તૈયાર કરી ,ઉપરોકત જમા થયેલ ગ્રાન્ટ પૈકી રૂા.:૫૦,૦૦૦–અંકે રૂપિયા પચાસ હજાર પુરાના લેટેસ્ટ તદ્દન નવા પુસ્તકો ગુજરાત રાજય સરકાર ધ્વારા " ટેન્ડર પ્રથાથી મુકિત મેળવનારી સંસ્થા " પાસેથી ખરીદવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

જ.બો.ઠ.નં. ૮૮૦/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

કામ નં.૪૬.

વિષય.: કા.સ.ઠ.નં.૩૩૨/તા.:૧૯–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ કલ્યાણબાગમાં નવું પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક બનાવી પ્રથમ માળ ઉપર ઓડીટોરીયમનાં લોકોને ટોયલેટ / યુરીનલની સુવિધા મળે તે માટે સાંઈ સામાજીક સેવા સંસ્થાન, હિંમતનગર એન.જી.ઓ.ને ફાળવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દરખાસ્ત મુકનાર.:શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.:પટેલ કુસુમબેન

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૩૩૨/તા.:૧૯–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ નગરપાલિકા ધ્વારા રંગ ઉપવાનવાળા બિલ્ડીગમા નવુ ઓડીટોરીયમ બનાવવામા આવેલ છે.આ ઓડીટોરીયમની મુલાકાત લેનાર નાગરીકો વિગેરેને ટોયલેટ / યુરીનલની સુવિધાઓ વિગેરેનુ ટોયલેટ / યુરીનલની સુવિધાઓ મળે તે માટે પ્રથમ માળ ઉપર નવુ પે એન્ડ યુઝ શૌચાલય બનાવવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે અને તે માટે ડીઝાઈન / ડ્રોઈંગ તૈયાર કરવામા આવેલ છે.તે બાબતને ધ્યાને લઈ નવુ પે એન્ડ યુઝ શૌચાલય બનાવવાની માર્ગ અને મકાન,વલસાડના સને ૨૦૧૪–૧૫ના વર્ષના એસ.ઓ.આર.ભાવથી સાંઈ સેવા સંસ્થાપન હિંમતનગર,એન.જી.ઓ.પાસે બનાવડાવવાનું ઠરાવવામા આવે છે.

વધુમા આનો ખર્ચ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ ધ્વારા તેમની કચેરીના દ.હુ. ક્રમાંક.:મફબ/ પે એન્ડ યુઝ / ૨૦૧૪–૧૫ / ૯૮૦૬/ તા.:૨૨–૩–૨૦૧૧ થી એક (૧) પે એન્ડ યુઝ શૌચાલય દીઠ ફાળવેલ રૂા.:૪–ચાર લાખની ગ્રાન્ટમા વત્તા નગરપાલિકાનો ફાળો વત્તા સંસ્થાના ફાળામા પાડી, સદર કામગીરી કરાવવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

જ.બો.ઠ.નં. ૮૮૧/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

કામ નં.૪૭.

વિષય.: કા.સ.ઠ.નં.૩૩૫/તા.:૧૯–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ નાની ખત્રીવાડ વખારીયાહોલ પાછળ–૦૧, તથા આરોગ્યશાખા ગેરેજ પાસે આવેલ જુનું પે એન્ડ યુઝવાળી જગ્યાએ –૦૧ પે એન્ડ યુઝ શૌચાલયો બનાવવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

દરખાસ્ત મુકનાર.:શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.:પટેલ કુસુમબેન

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૩૩૫/તા.:૧૯–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ નગરપાલિકા વિસ્તારમા નવા પે એન્ડ યુઝ શૌચાલયો બનાવવાની જરૂરીયાત જણાતા નગરપાલિકાએ સને –૨૦૧૦ના નવા ૬(છ) પે એન્ડ યુઝ શૌચાલય બનાવવા અંગે ગ્રાન્ટ માંગતી દરખાસ્ત ગુજરાત મ્યુનિ.ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગરને કરેલ હતી.નગરપાલિકાની સદર દરખાસ્તના આધારે ગુજરાત મ્યુનિ.ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગરે તેમની કચેરીના દ.હુ. ક્રમાંક.: મફબ / પે એન્ડ યુઝ /૨૦૧૪–૧૫/૯૮૦૬/તા.:૨૨–૩–૨૦૧૧ થી નગરપાલિકાની સદર દરખાસ્ત મંજુર કરી એકધ પે એન્ડ યુઝ શૌચાલય દીઠ રૂા.:૪–( રૂપિયા ચાર લાખ પ્રમાણે કુલ–૬(છ) પે એન્ડ યુઝ શૌચાલયોના રૂા.:૨૪,૦૦,૦૦૦–અંકે રૂપિયા ચોવીસ લાખ પુરાની ગ્રાન્ટ મંજુર કરી તે અંગેનો પત્ર નગરપાલિકાને આપેલ હતો.નગરપાલિકાએ ઉપરોક્ત ફાળવેલ ગ્રાન્ટમાથી ફક્ત એક પે એન્ડ યુઝ શૌચાલય વોર્ડ નં.૧–ના વલસાડપારડી ,ગુજરાતી સ્કુલ,સામે બનાવેલ છે.બાકી પાંચ પે એન્ડ યુઝ શૌચાલયો બનાવવાના બાકી છે અને તેની ગ્રાન્ટ પણ વાપરવાની બાકી છે.હાલે નીચે જણાવેલ બે જગ્યા આઈડેન્ટીફાઈ કરવામા આવેલ છે અને ત્યાં આ ગ્રાન્ટમાંથી પે એન્ડ યુઝ શૌચાલયો બનાવી શકાય તેમ છે.

| અ.નં. | વોર્ડ નંબર | વિસ્તાર | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૦૬ | (૧)નાની ખત્રીવાડ વખારીયા હોલ પાછળ | ૦૧ |
| | | (૨)આરોગ્ય શાખા ગેરેજ પાસે આવેલ જુનુ પે એન્ડ યુઝવાળી જગ્યાએ. | ૦૧ |

નગરપાલિકામા હાલે સાંઈ સેવા સંસ્થાપન, હીંમતનગર, પે એન્ડ યુઝ શૌચાલય બનાવવાની કામગીરી કરે છે તે સંસ્થા આ બન્ને જગ્યાએ ગુજરાત મ્યુનિ.ફાયનાન્સ બોર્ડ,ગાંધીનગરની કચેરીએ નકકી કરેલ ગાઈડ લાઈન મુજબ ગ્રાન્ટ નગરપાલિકાનો ફાળો સંસ્થાના ફાળામાંથી પે એન્ડ યુઝ શૌચાલયો બનાવવાની તૈયારી દર્શાવેલ છે.ઉપરોક્ત હકીકતોથી વિદિત થતાં સાંઈ સામાજીક સેવા સંસ્થાપન,હીંમતનગરને પે એન્ડ યુઝ શૌચાલયો બનાવવાની મંજુરી આપવા અંગેની જરૂરી નિયમોનુસારની કાર્યવાહી કરવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

જ.બો.ઠ.નં. ૮૮૨/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

કામ નં.૪૮.

વિષય.: કા.સ.ઠ.નં.૩૩૭/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથાવો.વ.ક.ઠ.નં.–૩૫૯/તા.:૧૩–૧૦–૧૫નીભલામણ મુજબ વ.ન.પા. હદ વિસ્તારમાં મોગરાવાડી ઝોનવિસ્તારમાં " સાંઈ પાર્ક સોસાયટી " વિસ્તારમાં પાણીની લાઈન નાંખવા અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૧૨,૧૯,૭૪૮/– પુરા મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.:શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.:દેસાઈ આશીષભાઈ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૩૩૭/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં.–૩૫૯/તા.:૧૩–૧૦–૧૫ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં મોગરાવાડી ઝોન વિસ્તારમાં " સાંઈ પાર્ક સોસાયટી " હાલે સંપુર્ણ ડેવલપ થઈ રહેવાસીઓ રહેવાનુ ચાલુ કરી દીધેલ છે.સદર વિસ્તારમા પીવાના પાણીની લાઈન નાંખવાની બાકી હોવાથી સદર સોસાયટીના રહીશોને પીવાનુ પાણી પહોચાડવા માટે લાઈન નાંખવાની જરૂરીયાત છે જેમા ૩"ડાયાની ૧૦૮૦મીટર લંબાઈ પાઈપ અને નીચે જણાવ્યા મુજબનો માલ સામાનની જરૂર પડે એમ છે.સદર માલ સામાનનો સને ૨૦૧૪–૧૫ના વો.વ.ક.ઠ.નં.૯૩/ તા.:૧૪–૧૧– ૨૦૧૪ થી "હીરેન સેનેટરી સ્ટોર્સ" અમદાવાદના ભાવો મંજુર થયેલ છે જે મંજુર થયેલ ભાવે માલસામાન ખરીદ કરવાનો અંદાજીત ખર્ચ રૂા.: ૮,૭૧,૨૪૮–થવા જઈ રહેલ છે.સદર કામગીરી કરવા માટે મજુરી કામના ભાવો સને ૨૦૧૩–૧૪ માટે વો.વ.ક.ઠ.નં.૫૯/તા.: ૧૮–૫–૨૦૧૩થી " અશોક એન.પટેલ,વલસાડના " ભાવો મંજુર થયેલ છે.મંજુર થયેલ ભાવે કામગીરી કરાવવાનો અંદાજીત ખર્ચ રૂા.:૩,૪૮,૫૦૦–થવા જઈ રહયો છે.આમ કુલ અંદાજીત ખર્ચ રૂા.૧૨,૧૯,૭૪૮/–અંકે રૂપિયા બાર લાખ ઓગણીસ હજાર સાતસો અડતાલીસ પુરા જેટલો થાય છે.સદર એસ્ટીમેઈટ મંજુર કરી ૧૪મા નાણાપંચની યોજનામા સમાવેશ કરી કામગીરી કરાવવાની જરૂરી મંજુરી આપવાનુ મંજુર કરવાનુ ઠરાવવા આવે છે.

–સ.મ.મંજુર..

જ.બો.ઠ.નં. ૮૮૩/તા. ૩૦/૧૦/૨૦૧૫
————————————————————————————————————————

કામ નં.૪૯.
વિષય.:	કા.સ.ઠ.નં.૩૩૮તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ. નં.–૩૬૦ / તા.:૧૩–૧૦–૧૫ ની ભલામણ મુજબ અબ્રામા વારીગૃહ હેડવર્કસ ખાતે " આર.ઓ. પ્લાન્ટ " બનાવવા માટે " વોટર હેલ્થ ઈન્ડીયા,હેદ્રાબાદ" ની આવેલ ઓફર મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દરખાસ્ત મુકનાર.:શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.:દેસાઈ આશીષભાઈ

ઠરાવ.:
કા.સ.ઠ.નં.૩૩૮/તા.:૧૯–૧૦–૨૦૧૫ની ભલામણ મુજબ ચર્ચા – વિચારણાના અંતે હાલ આ કામ મુલતવી રાખવાનુ ઠરાવવામા આવે છે.
–સ.મ.મંજુર..

જ.બો.ઠ.નં. ૮૮૪/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

કામ નં.૫૦.

વિષય.: કા.સ.ઠ.નં.૩૩૯/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ. નં.–૩૬૧ / તા.:૧૩–૧૦–૧૫ ની ભલામણ મુજબ અબ્રામા વારીગૃહ હેડવર્કસ થી કલ્યાણ બાગ ખાતે આવતી રાઈઝીંગ લાઈન નેશનલ હાઈવે પાસે જોશી હોટલ પાસે વારંવાર લીકેજ થતી જગ્યા પર ચેમ્બર બનાવવા અંદાજીત ખર્ચ રૂા.૧,૪૦,૩૧૪/–પુરા મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.:શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.:દેસાઈ આશીષભાઈ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૩૩૯/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ. નં.–૩૬૧ / તા.:૧૩–૧૦–૧૫ ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ –અબ્રામાથી રાઈઝીંગ લાઈન વાયા ધરમપુર ચોકડી ઓવરબ્રીજ થઈ કલ્યાણ બાગ ટાંકી પર આવે છે.સદર લાઈન ઘણા સમયની જુની હોવાથી અમુક જોઈન્ટ પાસે લીકેજનુ કામ નીકળે છે.જેમા ધરમપુર ચોકડી નજીક જોશી હોટલ સામેથી પસાર થતી રાઈઝીંગ લાઈનની ઉંડાઈ ૪ થી ૫ મીટર છે.સદર જગ્યાએ લીકેજ નીકળતા સમયે જે.સી.બી.થી ત્યાર બાદ મેન્યુલ ખોદાણ કામ કરી લીકેજની કામગીરી લેવામા આવે છે.જે ઘણુ ટાઈમ ટેકીંગ છે.અને વધારે મેનપાવર ઉપયોગમા લેવા પડે છે.તેમજ વધારે ટાઈમ લાગવાના કારણે પાણીનો વધારે વ્યય થાય છે.સદર વેડફાતા ટાઈમ, મેનપાવર અને પાણીના થતા બગાડને અટકાવવા માટે ત્યા જોઈન્ટ પર ચેમ્બર ( ૬.૦૦ × ૨.૫૦ × ૪.૨૦ મીટર ) બનાવી રોકી શકાય છે.જેનુ એસટીમેઈટ રૂા.૧,૪૦,૩૧૪/–અંકે રૂપિયા એક લાખ ચાલીસ હજાર ત્રણ સો ચૌદ પુરા મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

જ.બો.ઠ.નં. ૮૮૫/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

કામ નં.૫૧.

વિષય.: કા.સ.ઠ.નં.૩૪૦/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક. ઠ.નં. –૩૬૫/તા.:૧૩–૧૦–૧૫ ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે૬.૫ એમ.એલ.ડી.રો.વોટર પ્લાન્ટ માટે નવી ખરીદેલી "૧૦૦ એચ.પી. સબમર્જડ સેન્ટ્રીફયુગલ પંપ માટે પેનલ બોર્ડ તેમજ ઈરેકશન કરવા માટે જરૂરી માલસામાન ખરીદ કરવાની જરૂરીયાત છે. જેનો અંદાજીત ખર્ચ રૂા.૧,૫૪,૯૦૦/– પુરા મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.:શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.:દેસાઈ આશીષભાઈ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૩૪૦/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં.–૩૬૫/તા.:૧૩–૧૦–૧૫નીભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે ૬.૫ એમ.એલ.ડી.રો.વોટર પ્લાન્ટ માટે "૧૦૦એચ.પી. સબમર્જડ સેન્ટ્રીફયુગલ પંપ " ખરીદ કરવામા આવેલ છે.સદર મોટર પંપ ચાલુ કરવાના કામે પેનલ (GWSSB std with PMU)તેમજ મોટર પંપના ઈરેકશનના કામે જરૂરી સ્પેર પાર્ટ ખરીદ કરવાના કામે " રાજશ્રી એન્જીનીયરીંગ–અમદાવાદ "પાસે તપાસ કરતા તેમણે ૧૦૦એચ.પી.પેનલ તેમજ જરૂરી ફીટીંગ્સ વિગેરેનો એસ્ટીમેઈટ રૂા.૧,૫૪,૯૦૦/– અંકે રૂપિયા એક લાખ ચોપ્પન હજાર નવસો પુરા મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

જ.બો.ઠ.નં. ૮૮૬/તા. ૩૦/૧૦/૨૦૧૫
———————————————————————————————————————

કામ નં.૫૨.
વિષય.: કા.સ.ઠ.નં.૩૪૧/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં. –૩૬૬/તા.:૧૩–૧૦–૧૫ ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે૬.૫ એમ.એલ.ડી.રો.વોટર પ્લાન્ટ માટે નવી ખરીદેલી "૧૦૦ એચ.પી.સબમર્જડ સેન્ટ્રીફ્યુગલ પંપ ઈરેકશન કરવા માટે જરૂરી પાઈપલાઈન ( એમ.એસ.) ખરીદ કરવાની જરૂરીયાત છે જેનો અંદાજીત ખર્ચ રૂા.૧,૦૦,૬૫૦/–પુરા મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.:શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.:દેસાઈ આશીષભાઈ

ઠરાવ.:
કા.સ.ઠ.નં.૩૪૧/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં. –૩૬૬/તા.:૧૩–૧૦–૧૫ ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે આવેલ ૬.૫ એમ.એલ.ડી.રો.વોટર પ્લાન્ટ માટે "૧૦૦ એચ.પી.સબમર્જડ સેન્ટ્રીફ્યુગલ પંપ ખરીદ કરેલ છે જેના ઈરેકશન કરવા માટે જરૂરી પાઈપલાઈન (એમ.એસ.) ખરીદ કરવાની જરૂરી હોય,સદર કામ અંગે સ્થાનીક એજન્સી નીલકંઠ એન્જીનીયરીંગ–વલસાડનુ એસ્ટીમેઈટ રૂા.૧,૦૦,૬૫૦/–અંકે રૂપિયા એક લાખ છસો પચાસ પુરા મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.
–સ.મ.મંજુર..

જ.બો.ઠ.નં. ૮૮૭/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

કામ નં.૫૩.

વિષય.: કા.સ.ઠ.નં.૩૪૨/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ. નં.–૩૭૦/તા.:૧૩–૧૦–૧૫ ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે પ્યોર વોટર પ્લાન્ટમાં ૧૦૦ એચ.પી.ના પંપમાં મીકેનીકલ ફોલ્ટ થતા, તાત્કાલીક રીપેરીંગ કામ " આર.મેક્ષ એન્જીનીયરીંગ, વલસાડ " પાસે કરાવેલ છે. સદર કામગરીને બહાલ રાખી આ અંગે રૂા.૩૮,૮૮૦/– પુરા નો ખર્ચ મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.:શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.:દેસાઈ આશીષભાઈ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૩૪૨/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ. નં.–૩૭૦/તા.:૧૩–૧૦–૧૫ ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે આવેલ ૧૧ એમ.એલ.ડી.સામેલા પ્યોર વોટર પંપ હાઉસમા ગોઠવવામા આવેલ ૧૦૦ એચ.પી.મોટર પંપ સેટ–ન.૧ મા અચાનક ફોલ્ટ થતા બંધ પડી ગયેલ છે જે ઈમરજન્સી ધોરણે સ્થાનીક બજારમા ભાવપત્રકો મંગાવતા ૧૦૦એચ.પી.પંપ રીપેરીંગ કરાવવા માટે આવેલ કોટેશનમા જણાવ્યા મુજબના સ્પેર પાર્ટ માટે " આર.મેક્ષ એન્જીનીયરીંગ, વલસાડ " ના લોએસ્ટ ભાવ મંજુર કરી કરાવેલ કામગરીને બહાલી આપી રૂા.૩૮,૮૮૦/– અંકે રૂપિયા આડત્રીસ હજાર આઠસો એસી પુરા નો ખર્ચ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.
–સ.મ.મંજુર..

જ.બો.ઠ.નં. ૮૮૮/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

કામ નં.૫૪.

વિષય.: કા.સ.ઠ.નં.૩૪૩/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં. –૩૭૧/તા.:૧૩–૧૦–૧૫ ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે કાયમી કર્મચારી " શ્રી પ્રવિણ મોતીલાલ પટેલ, સ્ટોર ચોકીદાર " પેટ્રોલ એલાઉન્સ માંગતી આવેલ અરજી અન્વયે જરૂરી નિર્ણય થવા બાબત..

દરખાસ્ત મુકનાર.:શ્રી ધર્મીનભાઈ શાહ<br>
ટેકો આપનાર.:દેસાઈ આશીષભાઈ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૩૪૩/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં. –૩૭૧/તા.:૧૩–૧૦–૧૫ ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે કાયમી કર્મચારી " શ્રી પ્રવિણ મોતીલાલ પટેલ,હાલે સ્ટોર ચોકીદાર " મેજ મેઈટેનન્સના તમામ કામગીરીમા આગેવાનીનુ પાત્ર ભજવે છે અને ખુબજ ખંતથી પોતાની જવાબદારી સમજી કામગીરી નિયમીત પ્રમાણે કરે છે.જેથી પ્લાન્ટ પર ૨૪ કલાકમા જયારે ત્યારે બ્રેકડાઉન આવે છે ત્યારે સદર કર્મચારી સમયની ગંભીરતા સમજી પોતાના વાહન પર જગ્યા પર પોહચે છે.અને પ્રોબલેમનુ નિવારણ લાવે છે . જેમા રાઈઝીંગ લાઈનના લીકેજો, ઈલેકટ્રીક સાઈડના ફોલ્ટ તથા વશીયર તેમજ અટક પારડી પર વર્કશોપ પર જરૂરી સ્પેર પાટર્સ લેવાની જરૂરીયાત પડતા પોતાના વાહન પર જાય છે.સદર કર્મચારીની પેટ્રોલ એલાઉન્સ માંગણી કરતી આવેલ અરજી અન્વયે જરૂરી ચર્ચા – વિચારણાના અંતે પેટ્રોલ એલાઉન્સ આપવા અંગેની જરૂરી નિયમોનુસારની કાર્યવાહી કરવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જ.બો.ઠ.નં. ૮૮૯/તા. ૩૦/૧૦/૨૦૧૫
————————————————————————————————————————

કામ ન.૫૫.
વિષય.: કા.સ.ઠ.નં.૩૪૪/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ. નં.–૩૭૨/તા.:૧૩–૧૦–૧૫ ની ભલામણ મુજબ વોર્ડ નં.–૪ માં સુધડફળીયાનાં નાકે સભ્યશ્રી ઉજેશભાઈ પટેલનાં ઘરની આગળનાં ભાગે ૩" ડાયાની પીવાના પાણીની ૧૨૨ મીટર જી.આઈ.પાઈપ લાઈન નાંખવાનો અંદાજીત ખર્ચ રૂા.૧,૪૨,૯૪૪/– પુરા મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.:શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.:રાઠોડ રાજેશભાઈ

ઠરાવ.:
કા.સ.ઠ.નં.૩૪૪/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ. નં.–૩૭૨/તા.:૧૩–૧૦–૧૫ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા હદમા સુધડ ફળીયાના નાકે વોર્ડ નં.–૪ના સભ્યશ્રી ઉજેશભાઈ પટેલનાં ઘરની આગળનાં ભાગે ૩" ડાયાની જી.આઈ.પાઈપ લાઈન ઘણી જુની હોવાથી વારંવાર લીકેજ થાય છે.જેથી સદર લીકેજ મારફતે ડ્રેનેજ પાણીમીક્ષ થઈ જતા ત્યાના રહીશોનુ ફીલ્ટર પીવાનું પાણી મળતુ નથી.અને વારંવાર લીકેજ થવાથી સદર ડીપાર્ટમેન્ટનો ઘણો સમય વેડફાય છે.જેના કાયમી નિવારણ માટે સદર વિસ્તારમા નવી ૩"ડાયાની જી.આઈ.પાઈપ લાઈન ૧૨૨ મીટર લાંબી નાંખવાની જરૂરીયાત છે.સદર કામગીરી કરાવવા માટે વો.વ.ઠ.નં.૯૩/તા.:૧૪–૧૧–૨૦૧૪થી શ્રી હીરેન સેનેટરી સ્ટોર્સ,અમદાવાદના વર્ષ ૨૦૧૪–૧૫ના ભાવ મંજુર થયેલ છે.સદર કામગીરીનો માલસામાનનો અંદાજીત ખર્ચ રૂા.:૧,૦૪,૧૦૨–તેમજ વો.વ.ક.ઠ.નં.૫૯/તા.:૧૮–૫–૨૦૧૩થી વર્ષ ૨૦૧૩–૧૪ના વાર્ષીક મજુરી કામના ભાવ ––અશોક એન. પટેલ–વલસાડ"ના મંજુરથયેલ છે.મંજુર થયેલ ભાવે મજુરી કામના અંદાજીત ખર્ચ રૂા.:૪૦,૮૪૦–આમ કુલ અંદાજીત ખર્ચ રૂા.૧,૪૨,૯૪૪/– અંકે રૂપિયા એક લાખ બેતાલીસ હજાર નવસો ચુમાલીસ પુરા મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.
–સ.મ.મંજુર..

જ.બો.ઠ.નં. ૮૯૦/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

કામ નં.૫૬.

વિષય.: કા.સ.ઠ.નં.૩૪૫/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં. –૩૮૩/તા.:૧૩–૧૦–૧૫ ની ભલામણ મુજબ વોર્ડ નં.–૯(નવ) માં અબ્રામા રોડ મોગરાવાડી વિસ્તારમાં પીવાના પાણીમાં ઓછા પ્રેશરનો પ્રશ્ન હોવાના કારણે અબ્રામાં રોડ શાકભાજી માર્કેટ પાસે બુસ્ટર પંપ મુકવા અંગેનો એસ્ટીમેઈટ રૂા.૫,૪૦,૦૦૦/–પુરા મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.:શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.:પટેલ હેતલકુમારી

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૩૪૫/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં. –૩૮૩/તા.:૧૩–૧૦–૧૫ ની ભલામણ મુજબ અબ્રામા ઝોન ઓફીસની સામે પીવાના પાણીની ઓવર હેડ ટાંકી બનાવવામા આવેલ છે.જેમા ર્ડા.બાબુભાઈની ગલી,ભુત બંગલા, વિગેરે છેલ્લી ૪–૫ ગલીમા પાણી હાલે પ્રેસરથી પહોચતુ નથી જેથી પંચાયતના સમયે બનાવવામા આવેલ પાણીની પરબ જે હાલે બંધ છે તે જગ્યા પર બુસ્ટર પંપ મુકી ઓછા પ્રેસરનુ નિવારણ લાવી શકાય એમ છે.૨૫ એચ.પી.નુ બુસ્ટર પંપ તમામ એસેસરીઝ સાથેનુ કોટેશન "રાજશ્રી એન્જીનીયર્સ,અમદાવાદ" પાસે મંગાવવામા આવતા રૂા.૫,૪૦,૦૦૦/–અંકે રૂપિયા પાંચ લાખ ચાલીસ હજાર પુરા મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

જ.બો.ઠ.નં. ૮૯૧/તા. ૩૦/૧૦/૨૦૧૫
———————————————————————————————————

કામ ન.૫૭.
વિષય.: કા.સ.ઠ.નં.૩૪૬/તા.:૧૯—૧૦—૨૦૧૫ તથા વો.વ.ક.ઠ. નં.—૩૮૪/તા.:૧૩—૧૦—૧૫ ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે નવી ઓવર હેડ ટાંકી થી ગેટ આગળ વોચમેન કેબીન સુધી ૩૦૦,૪૫૦, તથા ૫૦૦ એમ.એમ. ડાયાની ડી.આઈ.પાઈપલાઈન નાંખવાનું કામ સને ૨૦૧૩—૧૪ ના વાર્ષિક મંજુર ભાવે " શ્રી અશોક એન. પટેલ, વલસાડ પાસે કરાવવામાં આવેલ જે કરાવવામાં આવેલ જે અંગે થયેલ કામગીરીને બહાલી આપી જે અંગેનો ખર્ચ રૂા.૨,૧૭,૮૦૩/—પુરા મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.:શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.:દેસાઈ આશીષભાઈ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૩૪૬/તા.:૧૯—૧૦—૨૦૧૫ તથા વો.વ.ક.ઠ. નં.—૩૮૪/તા.:૧૩—૧૦—૧૫ ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે નવી ઓવર હેડ ટાંકી બનાવવામા આવેલ છે.સદર ટાંકીથી ગેટ આગળ વોચમેન કેબીન સુધી તથા ૬.૫એમ.એલ.ડી.ફીલ્ટર પ્લાન્ટથી અંડર ગ્રાઉન્ડ પંપ સુધી ૩૦૦,૪૫૦, તથા ૫૦૦ એમ.એમ. ડાયાની ડી.આઈ.પાઈપલાઈન નાંખવાની જરૂર હોવાથી ,સદર કામગીરી અંગેના મજુરી કામના વાર્ષીક ભાવો વો.વ.ક.ઠ.નં.૫૯/તા.:૧૮—૫—૨૦૧૩થી સને ૨૦૧૩—૧૪ ના વાર્ષિક મજુરી કામના ભાવ " શ્રી અશોક એન. પટેલ, વલસાડ ના મંજુર થયેલ છે.સદર મંજુર થયેલ ભાવે સદર કામગીરી શ્રી અશોક એન. પટેલ,વલસાડ પાસે કરાવેલ છે.જે અંગે થયેલ કામગીરીને બહાલી આપી જે અંગેનો ખર્ચ રૂા.૨,૧૭,૮૦૩/—અંકે રૂપિયા બે લાખ સત્તર હજાર આઠસો ત્રણ પુરા મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.
—સ.મ.મંજુર..

જ.બો.ઠ.નં. ૮૯૨/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

કામ નં.૫૮.
વિષય.: કા.સ.ઠ.નં.૩૪૭/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં. –૩૮૫/તા.:૧૩–૧૦–૧૫ ની ભલામણ મુજબ વારીગૃહ શહેર ખાતે હરીજન વાસ, શહીદ ચોક ખાતે પીવાના પાણીની જુની લાઈન ચોકઅપ થવાથી પાણીનું પ્રેસર મળતુ ન હોય, સદર લાઈન ઉપર ઘરો બની ગયેલ હોવાથી નવી પાઈપલાઈન નાંખવાની જરૂર હોવાથી સને ૨૦૧૩–૧૪ ના વાર્ષિક મંજુર ભાવે માલસામાન ખરીદી તથા પાઈપ લાઈન નાંખવાના મજુરી કામ સાથે કુલ એસ્ટીમેઈટ રૂા.૪૭,૭૪૦ પુરા મંજુર કરવા બાબત.

દરખાસ્ત મુકનાર.:શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.:દેસાઈ આશીષભાઈ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૩૪૭/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં. –૩૮૫/તા.:૧૩–૧૦–૧૫ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર હરીજન વાસ, શહીદ ચોકમા આવેલ ૧૦–૧૨ ઘરમા પાણીના ઓછા પ્રેસરે અને અપુરતા પ્રમાણમા પુરવઠો પહોચે છે.સદર લાઈનને નાના પારસીવાડ બુસ્ટર પંપથી સપ્લાય અપાય છે જે ખાડા પડી તપાસ કરતા તકલીફ ઘણી ગંભીર છે અને એનુ કારણ આવેલ પે એન્ડ યુઝના આગળથી લાઈન ચોકપ છે.પરંતુ સદર ચોકપ લાઈન અસલની હોવાથી સદર લાઈનના ભાગના ઉપર ઘરો બની ગયેલ છે જેથી ખાનગી માલીકીના ઘરમા ખાડા પડી ચોકપ કલીયર કરી શકાય એમ નથી.જેથી આ તકલીફના નિવારણ માટે સભ્યશ્રી નિમિષાબેન, ઈજનેરશ્રી અને લાઈનમેન સાથે જોઈન્ટ સર્વે કરી નિર્ણય લેવામા આવ્યો કે હરીજનવાસના જે ભાગે તકલીફ છે ત્યાંથી શહીદચોક બુસ્ટર પંપથી પસાર થતી લાઈન છે જેમાથી ૨" ડાયાની લાઈન પહેલા કનેકશન સુધી લઈ જઈ કનેકશન ચાલુ કરી શકાય જેથી નાના પારસીવાડ બુસ્ટર પંપથી સપ્લાય અપાતા ઝોનમા ૧૦–૧૨ ઘરના કનેકશન ઓછા થતા સદર વિસ્તારમા પણ જે ઓછા પ્રેસરથી ફરીયાદ રહેલ છે તેમા હકારાત્મક ફેર પડશે.સદર કામગીરી માટે નીચે મુજબનો માલ સામાનની જરૂરીયાત છે.સદર માલસામાન અંગેના ભાવો વો.વ.ક.ઠ.નં.૯૩/તા.:૧૪–૧૧–૨૦૧૪થી હીરેન સેનેટરી સ્ટોર્સ, અમદાવાદ ના ભાવો મંજુર થયેલ છે.સદર જરૂરી માલસામાનનો એસ્ટીમેઈટ ખર્ચ રૂા.: ૩૪,૧૦૦–તેમજ કામગીરી કરવા મજુરી કામ અંગે વો.વ.ક.ઠ.નં.૦૭/તા.:૧૧–૫–૨૦૧૨થી અશોક એન. પટેલ–વલસાડના ભાવો મંજુર થયેલ છે જે મંજુર થયેલ ભાવ મુજબ મજુરી ખર્ચ રૂા.:૧૩,૬૪૦–થવા જઈ રહેલ છે.એમ કુલ એસ્ટીમેઈટ ખર્ચ રૂા.:૪૭,૭૪૦ –અંકે રૂપિયા સુડતાલીસ હજાર સાતસો ચાલીસ પુરા મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.
–સ.મ.મંજુર..

જ.બો.ઠ.નં. ૮૯૩/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

કામ નં.૫૯.

વિષય.: કા.સ.ઠ.નં.૩૪૮/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં. –૩૮૬/તા.:૧૩–૧૦–૧૫ ની ભલામણ મુજબ અબ્રામા વાલીયા ફળીયા ખાતે આવેલ અંદર ગ્રાઉન્ડ સમ્પ, ઓવર હેડ ટાંકી તથા પંપ હાઉસ પ્રિમાઈસીસની ફરતે કંમ્પાઉન્ડ વોલ બનાવવા માટે અંદાજીત ખર્ચ રૂા.૫૦,૮૪,૯૦૦/– પુરા મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.:શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.:દેસાઈ આશીષભાઈ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૩૪૮/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં. –૩૮૬/તા.:૧૩–૧૦–૧૫ ની ભલામણ મુજબ અબ્રામા વાલીયા ફળીયા ખાતે આવેલ અંદર ગ્રાઉન્ડ સમ્પ, ઓવર હેડ ટાંકી તથા પંપ હાઉસ પ્રિમાઈસીસમા ખેતરવાળી જમીન હોય ખુબજ ગંદકી થાય છે.પાણીનો પુષ્કળ પ્રમાણમા ભરાવો થાય છે.જેથી સદરહુ જમીનમા પુરાણ કામ કરાવી કંપાઉન્ડ વોલ બનાવવાની જરૂરીયાત છે.સદરહુ અબ્રામા ખાતે આવેલ સમ્પ તથા પંપ હાઉસની ફરતે ખાનગી માલીકીની જગ્યાઓ તેમજ ફેકટરીઓ આવેલ છે.શુધ્ધ કરેલ પાણીનો પુરવઠો શહેરીજનોને સમયસર પુરો પાડવાનો હોય .સદરહુ સંકુલને સુરક્ષા કવચ આપવાની અત્યંત જરૂરીયાત ઉભી થયેલ છે.જેથી સદરહુ કામનો આવેલ એસ્ટીમેઈટ રૂા.૫૦,૮૪,૯૦૦/–અંકે રૂપિયા પચાસ લાખ ચોર્યાસી હજાર નવસો પુરાનુ એસ્ટીમેઈટ જ.બો.ઠ.નં. ૬૩૦/ તા.:૩૦–૪–૨૦૧૫થી મંજુર કરેલ છે.સદર કામગીરી કરાવવા માટે નામદાર સરકારશ્રીની આવનાર યોજનાઓમા સમાવેશ કરી સદરહુ કામ કરાવવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

જ.બો.ઠ.નં. ૮૯૪/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

કામ નં.૬૦.

વિષય.: કા.સ.ઠ.નં.૩૪૯/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં. –૩૮૭/તા.:૧૩–૧૦–૧૫ ની ભલામણ મુજબ અબ્રામા ઔરંગા નદી પાસે આવેલ વારીગૃહ હેડવર્કસ પ્રિમાઈસીસની ફરતે કંમ્પાઉન્ડ–વોલ બનાવવા માટે અંદાજીત ખર્ચ રૂા.૭૨,૫૧,૮૦૦/–પુરા મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.:શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.:દેસાઈ આશીષભાઈ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૩૪૯/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ.નં. –૩૮૭/તા.:૧૩–૧૦–૧૫ ની ભલામણ મુજબ અબ્રામા ઔરંગા નદી પાસે આવેલ વલસાડ નગરપાલિકા સંચાલીત વારીગૃહ હેડવર્કસજેમા ૩(ત્રણ)પ્યોરીફીકેશન પ્લાન્ટના યુનીટને મળીને કુલ ૨૮.૫એમ.એલ.ડી.ક્ષમતા ધરાવે છે.જેમા રો.વોટર પંપ હાઉસ,કલેરીફ્રોક્યુલેટરો, ફીલ્ટર રૂમ, પ્યોર વોટર પંપ હાઉસ,કેમીકલ લેબ,સ્પેરપાર્ટ,ફટકડી,બ્લીચીંગ પાવડર વિગેરે માટે સ્ટોર એમ ધણી કિંમત અને આવશ્યક પ્રોપર્ટી આવેલ છે.ત્યા નદી કિનારે અવાર નવાર ગામના રહીશો ધ્વારા હેડવર્કસમાથી રસ્તો ઉપયોગમા લેવામા આવે છે.જેથી વલસાડ નગરપાલિકાની પ્રોપર્ટીને નુકશાન પહોચવાનો ભય રહે છે.સદરહું સંકુલને સુરક્ષા કવચ આપવાની અત્યંત જરૂરીયાત હોય, જેથી સદરહુ કામનો અંદાજીત ખર્ચ રૂા.૭૨,૫૧,૮૦૦/–અંકે રૂપિયા બોતેર લાખ એકાવન હજાર આઠસો પુરાનો ખર્ચ મંજુર કરી કામગીરી કરાવવા માટે નામદાર સરકારશ્રીની આવનાર યોજનાઓમા સમાવેશ કરી સદરહુ કામ કરાવવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.
–સ.મ.મંજુર..

જ.બો.ઠ.નં. ૮૯૫/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

કામ નં.૬૧.

વિષય.: કા.સ.ઠ.નં.૩૫૦/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ. નં.–૩૮૮/તા.:૧૩–૧૦–૧૫ ની ભલામણ મુજબ જુની રાઈઝીંગ લાઈન અબ્રામા ઝોન ઓફિસ થી રેલ્વે સ્ટેશન સુધી રીપ્લેસમેન્ટ માટે અંદાજીત ખર્ચ રૂા.૧,૨૬,૦૮,૦૮૦ /–પુરા મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.:શ્રી ધર્મીનભાઈ શાહ
ટેકો આપનાર.:દેસાઈ આશીષભાઈ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૩૫૦/તા.:૧૯–૧૦–૨૦૧૫ તથા વો.વ.ક.ઠ. નં.–૩૮૮/તા.:૧૩–૧૦–૧૫ ની ભલામણ મુજબ અબ્રામા હેડવર્કસ ખાતેથી કલ્યાણ બાગ સુધી ૪૫૦એમ.એમ.ની રાઈઝીંગ લાઈન વાયા અબ્રામા વાલીયા ફળીયાથી રેલ્વે સ્ટેશન ક્રોસ કરી આવેલ છે.સદર લાઈન સને ૧૯૬૩મા નાંખવામા આવેલ છે જેથી હાલે પરિસ્થિતિ ઘણી ગંભીર થયેલ છે.છાશવારે લીકેજ થાય છે.જેથી ડીપાર્ટમેન્ટનો મેનપાવર અને પાણીનો બગાડ ઘણો થાય છે.હાલે અબ્રામા વિસ્તારમા ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરી ચાલી કરેલ છે જે સદર પાણીની લાઈન અડચણરૂપ છે.આમ પાણીનો બગાડ થતા મેનપાવર બચાવવા અબ્રામા ઝોન ઓફીસથી લઈ રેલ્વે સ્ટેશન સુધી ૧૬૩૫ રનીંગ મીટર જેટલી ૪૫૦એમ.એમ.ની ડી.આઈ.કે.૯–જુની રાઈઝીંગ લાઈનના રીપ્લેસમેન્ટમા નાંખી સમસ્યાનુ નિવારણ લાવી શકાય એમ છે.સદર કામગીરીનો એસ.ઓ.આર.સને ૨૦૧૪–૧૫ પ્રમાણે અંદાજીત ખર્ચ રૂા.:૧,૨૬,૦૮,૦૮૦ /–અંકે રૂપિયા એક કરોડ છવ્વીસ લાખ આઠ હજાર એસી પુરા થાય છે.સદર ખર્ચ મંજુર કરી કામગીરી કરાવવા માટે નામદાર સરકારશ્રીની આવનાર યોજનાઓમા સમાવેશ કરી સદરહુ કામ કરાવવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

જ.બો.ઠ.નં. ૮૯૬/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

કામ નં.૬૨.

વિષય.: વોર્ડ નં.–૯ ના સભ્યશ્રી મહેબુબ ઉર્ફે ઝાકીર ગુલશેરખાન પઠાણની આવેલ અરજીમાં જણાવ્યા મુજબ મોગરાવાડી–અબ્રામા વિસ્તારને ટાઉન પ્લાનીગ યોજના અમલમા મુકવાનું આવેલ કામ અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દરખાસ્ત મુકનાર.:મહેબુબ ઉર્ફે ઝાકીર ગુલશેરખાન પઠાણ
ટેકો આપનાર.: ધર્મેશ ( ધર્મો ) અર્જુનભાઈ ડાંગ

ઠરાવ.:

વોર્ડ નં.–૯ ના સભ્યશ્રી મહેબુબ ઉર્ફે ઝાકીર ગુલશેરખાન પઠાણની આવેલ અરજી વંચાનમા વલસાડ નગરપાલિકા હદ વિસ્તારના મોજે મોગરાવાડી ઝોન તથા અબ્રામા ઝોન વિસ્તારને આવરી લઈ ડેવલોપમેન્ટ પ્લાન યોજના બનાવવા અંગે સીટી પ્લાનીગ એન્ડ મેનેજમેન્ટ કન્સલટન્ટશ્રી, ૨ – સિધ્ધી બંગલોઝ , બોપાલ અમદાવાદને કારોબારી ઠરાવ નં : ૧૧૬૦ /તા : ૧૮ / ૦૨ / ૨૦૦૯ થી સોપવામાં આવેલ હતી સદર કામગીરી અન્વયેની દરખાસ્ત ના. સરકારશ્રીમાં સાદર કરવામાં આવતા ના. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગુહ નિમાણ વિભાગના હુકમ ક્રમાંક : વનમ / ૨૫૧૦ / ૩૮૧૧ / લ સચિવાલય / ગાંધીનગર / તા : ૧૯ / ૭ / ૨૦૧૧ થી જણાવેલ ક્ષતિઓના કારણે સંપૂણ પણે રદ બાતલ કેન્સલ કરેલ જે સબંધની જાણ અત્રેની નોટીશ નંબર : ૨૬૧૬ / તા : ૧૫ / ૯ / ૨૦૧૦ તેમજ તા : ૦૮ /૧૦ / ૨૦૧૩ / તા : ૧૧/ ૧૧ / ૨૦૧૪ થી એજન્સીને જાણ કરવા છતાં તેઓ ધ્વારા સંતોષકારક કામગીરી કરવામાં આવેલ નથી. સદર કામ સંદભે જુદા જુદા વાઉચરોથી રૂા. ૧૭,૪૨,૬૧૨/– જેટલી માતબર રકમનું ચુકવણુ કરવામાં આવેલ છે પરંતુ તેઓ ધ્વારા કરવામાં આવેલ કામગીરી નિયમમુજબની ન હોય તેઓએ બેદરકારી દાખવેલ હોય જેથી સદર એજન્સીને બ્લેકલીસ્ટ કરવાનું તેમજ રેવન્યુ રાહે વસુલાત કરવા અંગે આગામી કાયવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

–મંજુર...

જ.બો.ઠ.નં. ૮૯૭/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

કામ નં.૬૩.

વિષય.: વોર્ડ નં.–૬ ના સભ્યશ્રી ધર્મેશ ( ધર્મો ) અર્જુનભાઈ ડાંગની આવેલ અરજીમાં જણાવ્યા મુજબ પાવરહાઉસની બાજુમાંથી નરોત્તમ હરજીવન કુા.પાસેથી મોગરાવાડી રોડ મોરારજી ચાલ જકાતનાકા સુધી પાકી ગટર બનાવવાનું કામ અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દરખાસ્ત મુકનાર.: ધર્મેશ ( ધર્મો ) અર્જુનભાઈ ડાંગની
ટેકો આપનાર.: મહેબુબ ઉર્ફે ઝાકીર ગુલશેરખાન પઠાણ

ઠરાવ.:

વોર્ડ નં.–૬ ના સભ્યશ્રી ધર્મેશ ( ધર્મો ) અર્જુનભાઈ ડાંગની આવેલ અરજીમાં જણાવ્યા મુજબ પાવરહાઉસની બાજુમાંથી નરોત્તમ હરજીવન કુા.પાસેથી મોગરાવાડી રોડ મોરારજી ચાલ જકાતનાકા સુધી વરસાદી પાણીના નિકાલની બોક્ષ ડ્રેઈન બનાવવા અંગેનુ આવેલ એસ્ટીમેઈટ રૂા.:૩૧,૪૩,૫૦૦–અંકે રૂપિયા એકત્રીસ લાખ તેતાલીસ હજાર પાંચસો પુરાનુ સરકારશ્રીની ગ્રાન્ટ હેઠળ આયોજન કરી કરવાનુ ઠરાવવામા આવે છે..

–મંજુર...

જ.બો.ઠ.નં. ૮૯૮/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

કામ નં.૬૪.

વિષય.: વોર્ડ નં.–૮ નાં સભ્યશ્રી ગીરીશભાઈ ભગવાનજી દેસાઈની આવેલ અરજીમાં જણાવ્યા મુજબ, મોટા તળાવ બ્યુટીફીકેશન,તથાજલારામનગરીને,"જલારામનગર" અને દશ છાપરીને," દશામાનગર" નામકરણ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દરખાસ્ત મુકનાર.: ગીરીશભાઈ ભગવાનજી દેસાઈની
ટેકો આપનાર.:સંજય ડી. ચૌહાણ

ઠરાવ.:

વોર્ડ નં.–૮ નાં સભ્યશ્રી ગીરીશભાઈ ભગવાનજી દેસાઈની આવેલ અરજી વાંચનમા લઈ મોટા તળાવ બ્યુટીફીકેશન માટેની જોગવાઈઓને આધીન ગ્રાન્ટ મુજબ કામગીરીનુ આયોજન કરવાનુ તેમજ તથા મોગરાવાડી ખાતે આવેલ આવાસ યોજનાનો વિસ્તાર જે જલારામ નગરી તરીકે ઓળખાય છે જેનું "જલારામનગર" અને દશ છાપરી તરીકે ઓળખાતા વિસ્તારને," દશામાનગર" નામકરણ આપવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર

સભ્યશ્રી રમેશભાઈ ડેનીએ જણાવ્યુ કે,જનરલ બોર્ડ ઠરાવ નંબર.:૩૩૪ / તા.:૨૭–૧–૨૦૧૪થી ઠરાવ્યા મુજબ આદીવાસી વિસ્તારના રહીશોના કાચા – પાકા મકાનોના મીલકત અમલા ટ્રાન્સફર કરવા અંગેના ઠરાવ રૂા.:૧૦૦–ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી તેમજ આધારા પુરાવાઓ રજુ કર્યેથી અમલ ટ્રાન્સફર કરવાનો નિર્ણય લેવાયેલ હતો જેની અમલવારી હાલે ચાલુ છે.પરંતુ ગરીબ આદીવાસી લોકોને બે છોકરાઓ હોય અને જે અલગથી રહેતા હોય તેવા કુટુબના બે ભાઈઓને ગાળા છુટા પાડી અમલો ટ્રાન્સફર કરી આપવાની રજુઆત કરી .

ચીફ ઓફીસરશ્રીએ જણાવ્યુ કે, વેરીફીકેશન કરાવી લઈએ અને જેઓના રેશનકાર્ડ , ચુંટણી કાર્ડ, આધાર કાર્ડ, મીલકત સબંધીત સાધનીક પેપરો ચકાસણી કરી અમલવારી થવી જોઈએ.

સભ્યશ્રી ગીરીશભાઈએ જણાવ્યુ કે, અમલો ટ્રાન્સફર કરવામા વાંધા સરખુ શુ છે ?.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે,અમલા ટ્રાન્સફર માટે તા:૨૭–૦૧–૨૦૧૪થી ઠરાવ અનુસાર અમલીકરણ થયેલ છે. ચીફ ઓફીસરના જણાવ્યા મુજબ વેરીફીકેશન કરી ગાળા છુટા પાડવા અંગે નિયમોનુસારની કાર્યવાહી કરીએ.

સભ્યશ્રી રમેશભાઈ ડેનીએ જણાવ્યુ કે,જે કર્મચારીઓને પાંચમા પગાર પંચનો લાભ આપવામા આવે છે તેઓને રૂા.૧૦૦–ના સ્ટેમ્પ પેપર ઉપર કરારખત કરી અને લાભ આપવામા આવે છે તેજ રીતે છઠ્ઠા પગાર પંચનો કાયમી કર્મચારીઓની જેમ લાભ આપવો જોઈએ.જેઓની પાસે જરૂરીયાત મુજબ રૂા.:૧૦૦–ના સ્ટેમ્પ પેપર ઉપર બાંહેધરી લખાવી લેવી.

ચીફ ઓફીસરશ્રીએ જણાવ્યુ કે,હાઈકોર્ટમા કર્મચારીઓની મેટર પેન્ડીગ છે તેમજ પગાર પંચ અંગે નિયમોનુસાર સરકારશ્રીની મંજુરી લેવી આવશ્યક છે.

–પ્રમુખશ્રી તરફથી રજુ થયેલ અન્ય વધારાના કામો.....

જ.બો.ઠ.નં. ૮૯૯/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

વ.કા.નં.૧.:
વિષય.: દરબાર વેસ્ટ સર્વિસના બીલનો ખર્ચ ચાલુ સાલે મળેલ સફાઈ વેરાની ગ્રાન્ટમા પાડવા બાબતે..

પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

નગરપાલિકા કાયમી અને રોજીંદા કર્મચારીઓને યુનીયન ચલાવતા શ્રી ગુજરાત પ્રદેશ મ્યુનિ. કર્મચારી મહાસંઘ ,વડોદરાએ નગરપાલિકાને આપેલ લેખીત પત્ર મુજબ નગરપાલિકામા ફીકસ પગાર, રોજીંદા દરે તથા હંગામી ધોરણે ફરજ બજાવતા વર્ગ–૩ અને ૪ ના કર્મચારીઓ તા.:૨૪/૧૨/૨૦૧૪થી હડતાળ પર ઉતરી ગયેલ હતાં.

નગરપાલિકાના આરોગ્ય શાખા આવશ્યક સેવાનુ ખાતુ છે.આ ખાતુ આખુ વર્ષ ચાલુ રહે છે. નાગરીકોને સફાઈ, ધન કચરા નિકાલ અન્ય સેવાઓથી વંચીત રહેવુ ન પડે તેમજ શહેરમા સેનીટેશનની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પડેલ હડતાળને ધ્યાનમા લઈ નગરપાલિકાએ જરૂરી તમામ પ્રોસીજર પુર્ણ કરી શ્રી દરબાર વેસ્ટ સર્વીસ ,સુરતને સેને.જા.નં.૩૮૧/તા.:૨૬–૧૨–૨૦૧૪થી ડોર ટુ ડોર ધન કચરા નિકાલ તથા રોડ બ્રસીંગ સફાઈ કામગીરીનો વર્ક ઓર્ડર આપેલ હતો અને તેમણે તરતજ કામગીરી સંભાળી લીધેલ હતી.

ત્યાર બાદ તા.:૧૫/૧/૨૦૧૫ના રોજ યુનીયન અને વહીવટી તંત્ર સાથે સમાધાન થતા હડતાળ પર ગયેલ કર્મચારીઓ ફરજ ઉપર હાજર થઈ જતા ચીફ ઓફીસરશ્રી ધ્વારા કોન્ટ્રાકટર શ્રી દરબાર વેસ્ટ સર્વીસ ,સુરતને સેને.જા.નં.૪૧૧/તા.:૬–૨–૨૦૧૫થી કામગીરી બંધ કરવા જણાવેલ હતું.પરંતુ હડતાળ સમેટાયા બાદ ૨૩ દિવસ હડતાળ પડેલ જેથી કામગીરી વધુ પડતી કરવાની હોય તેવા સંજોગોમા શહેરની સફાઈ વ્યવસ્થા જળવાઈ રહે તેમજ એકદમ હડતાળ જેવા ખરાબ સમયમા કોન્ટ્રાકટરે કામગીરી સંભાળી શહેરને ગંદુ બનતા અટકાવેલ છે.કામદારો ફરીથી હડતાળ ઉપર જાય તેવુ વાતાવરણ હોવાથી સઘન બાબતને ધ્યાને લઈ આ કામે મે.પ્રમુખશ્રી,મે.ચેરમેનશ્રી કારોબારી સમીતી તથા ચીફ ઓફીસરશ્રી સાથે કોન્ટ્રાકટરશ્રીએ જરૂરી ચર્ચા–વિચારણા કરતા સફાઈનો ઈજારો તા.:૩૧/૩/૨૦૧૫ સુધી ચાલુ રાખવાનુ નકકી કરેલ તેને બહાલ રાખવાનુ તથા દરબાર વેસ્ટ સર્વીસની કામગીરીનુ આવેલ બીલનો ખર્ચ ચાલુ સાલે નગરપાલિકાને મળનાર સફાઈ ઉપકર ગ્રાન્ટની રકમમા પાડવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.
–મંજુર...

જ.બો.ઠ.નં. ૯૦૦/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

વ.કા.નં.૨.:
વિષય.: પારડી સાંઢપોર ખાતે આવેલ ધનકચરા પ્લાન્ટ ફરતે ફેન્સીગ (કાતા તાર )ના કામ બાબત...

–પ્રમુખશ્રી તરફથી રજુ.

ઠરાવ.:

ઈજનેરશ્રી ડ્રેનેજ શાખાના રીપોર્ટમા જણાવ્યા મુજબ પારડી સાંઢપોર ખાતે આવેલ ધનકચરા પ્લાન્ટ ફરતે ફેન્સીગ (કાતા તાર )બનાવવા માટે ૪૭૦ રનીગ મીટરની કુલ કોન્ટીટી તથા સને ૨૦૦૮–૦૯ના આર એન્ડ બી ના એસ.ઓ.આર મુજબ એક રનીગ મીટરના ૨૫૭.૬૦ પ્રમાણેનુ રૂા.:૧,૨૧,૧૦૦–પુરાનુ એસ્ટીમેઈટ જનરલ બોર્ડ ઠરાવ નંબર.:૧૧૨/ તા.:૩૧–૧–૨૦૧૨થી મંજુર કરવામા આવેલ છે.

વધુમા ઉપરોકત બાબતે વલસાડ નગરપાલિકાને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાથી હયાત લેન્ડફીલ ડમ્પીગ સાઈડ પર રખડતા ઢોરોને અવર જવર અટકાવવા માટે નગરપાલિકાને પત્ર નંબર.:એમએજી/ વશી–૯૪૧/ ૨૦૧૫, તા.:૧૧–૮ –૨૦૧૫થી ફેન્સીગ કામગીરી તાત્કાલીક ધોરણે કરવા આદેશ ફરમાવેલ જે અન્વયે અત્રેની કચેરી તરફથી તા.:૨૦–૬–૨૦૧૫ તથા તા::૧૮–૮– ૨૦૧૫ના દિને દૈનિક પેપરમા જાહેરાત આપી ભાવો મંગાવવામા આવતા બન્ને જાહેરાતમા એક પણ ભાવ આવેલ નથી જેથી કામની અગત્યતાને ઘ્યાને લેતા સદર કામગીરી કરાવવા માટે સ્થાનીક બજારમાથી ભાવ પત્રક મેળવી ડ્રેનેજ કમીટી ઠરાવ નંબર.:૧૮/ તા.:૧૪–૧૦– ૨૦૧૫થી એક રનીગ મીટરનો રૂા.: ૪૬૦–મુજબ વસંત હાર્ડવેર જનરલ સ્ટોર્સ, વલસાડના ભાવ મંજુર કરવામા આવેલ છે.સદર અંદાજીત ખર્ચ રૂા.: ૨,૧૬,૧૦૦–પુરા થાય છે જેથી ઉપરોકત એસ્ટીમેઈટ કરતા ખર્ચ રૂા.:૯૫,૧૦૦–પુરાનો તફાવત તથા તમામ વધારાનો ખર્ચ સહીત મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.
–મંજુર

જ.બો.ઠ.નં. ૯૦૧/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

વ.કા.નં.૩.:

**વિષય.: કરાર આધારીત મ્યુનિસિપલ ઈજનેર તેમજ મદદનીશ ઈજનેરની એડહોક તદ્દન હંગામી ધોરણે નિમણુક કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...**

—પ્રમુખ સ્થાનેથી રજુ.

**ઠરાવ.:**

પસંદગી સમીતીની તા.:૦૮–૦૯–૨૦૧૫ની ભલામણ મુજબ સરકારશ્રીની શહેરોને ગતીશીલ ગુજરાત અન્વયે વિવિધ યોજનાઓ બનાવી શહેરમા નમુનેદાર કામો કરી સમ્રાટ સીટી ,અમૃત પ્રોજેકટ અને આગવી ઓળખ ઉભી કરવાના કામો કરવા પ્રયત્નશીલ છે.આવી આગવી ઓળખના કામો કરવા સરકારશ્રીની વિવિધ યોજનાઓ હેઠળ ભંડોળ ફાળવી શહેરને સુવિધા યુકત અને બહેતર સેવાઓ નગરજનોને પુરી પાડવા આગળ વધી રહેલ છે.આવા સંજોગોમા નગરપાલિકાએ સદર કામોને આયોજન બધ્ધ રીતે તબકકાવાર કામોની શરૂઆત કરેલ છે.નગરપાલિકાએ સદર કામો માટે બજેટમા જોગવાઈઓ કરી શહેરીજનોના હિતમા અને સરકારશ્રીના અભિગમ અને સંકલ્પ સિધ્ધી હાંસલ કરવા કટીબધ્ધ અને સુનિશ્ચિત છે.

વલસાડ નગરપાલિકા સરકારશ્રીની વિવિધ યોજનાઓનુ તબકકાવાર આયોજન કરી અનેકવિધ પ્રોજેકટો સુવ્યવસ્થિત રીતે પુરા થાય અને કામોની ગુણવત્તા જળવાય રહે તેવા હેતુસર પ્રોજેકટને ૧૦૦% નકકરતા સાથે સાકાર કરવા જુદી જુદી શાખાઓમા ટેકનીકલ સ્ટાફની જરૂરીયાત ઉપસ્થિત થાય છે.હાલે નગરપાલિકાના મંજુર થયેલા મહેકમ પૈકી મુખ્ય ઈજનેરની જગ્યા તેમજ સબઓવર શીયરની એક જગ્યા ખાલી છે.જેથી કામોને પહોચી વળવા માટે ટેકનીકલ સ્ટાફની આવશ્યકતા જણાય છે.સદર જગ્યાઓ સરકારશ્રીના ધારાધોરણ મુજબ ૧૧–માસના કરાર આધારીત ટેકનીકલ સ્ટાફની જગ્યાઓ ભરવી ધણીજ જરૂરી છે.હાલના ચાલતા પ્રોજેકટને પહોચી વળવા માટે જાહેર બાંધકામ / ટીપી શાખા માટે મ્યુનિ.ઈજનેર તેમજ મદદનીશ ઈજનેરની જગ્યાઓ ભરવા માટે અત્રેની કચેરીથી તા.:૧૮–૬–૨૦૧૫ના રોજ દૈનિક પેપરમા જાહેરાત પ્રસિધ્ધ થયેલ છે.તે અન્વયે સરકારશ્રીની માર્ગદર્શીકા અનુસાર નગરપાલિકા કક્ષાએ સમીતી રચના કરી કર્મચારીઓની ભરતી કરવાની થાય છે.સદર પરીપત્ર નંબર.:શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ઠરાવ ક્રમાક.:ઈએસટી–૧૨૧૨/સિ.ફા.૩૦/આર.સચીવાલય, ગાંધીનગર, તા.:૪–૯–૨૦૧૨ મુજબ કોમન કેડર સિવાયની જગ્યાઓ માટે પસંદગી સમીતીની રચના થયેલ છે.જે મુજબ પસંદગી સમીતીના સભ્યોશ્રીઓને જાહેરાત અનુસંધાનેતા.:૮–૯–૨૦૧૫નારોજ સવારે ૧૧–૦૦કલાકે નગરપાલિકા કચેરી, વલસાડ ખાતે ઉમેદવારો ની પસંદગી માટે હાજર રહેવા સબંધે તા.:૨૫–૮– ૨૦૧૫ના રોજ પત્ર પાઠવવામા આવેલ છે.

જાહેરાત અનુસંધાને તેમજ રોજગાર વિનિમય કચેરી ધ્વારા આવેલ યાદીના ઉમેદવારોને અત્રેની કચેરીના જા.નં.૧૧૦૬ થી ૧૨૨૨ / તા.:૨૭–૮–૨૦૧૫ના રોજ પત્ર પાઠવી પસંદગી સમીતી સમક્ષ તા.:૮–૯–૨૦૧૫ના રોજ સવારે ૧૧–૦૦ કલાકે નગરપાલિકા કચેરી ખાતે ઉપસ્થિત રહેવા જણાવવામા આવેલ છે.

ઉપરોકત પત્રોથી થયેલ જાણને ધ્યાનમા લઈ કરાર આધારીત મ્યુનિ.ઈજનેર તેમજ મદદનીશ ઈજનેરની પસંદગી સમીતી સમક્ષ તા.:૮–૯–૨૦૧૫ના રોજ સવારે ૧૧–૦૦ કલાકે નગરપાલિકા કચેરી ખાતે ઉપસ્થિત રહેલ ઉમેદવારોની પસંદગી ક્રમમા રજુ કરેલ છે.જેની વિગત નીચે મુજબ છે.

| **મ્યુનિસિપલ ઈજનેર** | **મદદનીશ ઈજનેર** |
|---|---|
| **–૧– યાદવ પ્રકાશ જયરામ** | **–૧ –ગઢવી દિગવિજય જયદીપસિંહ** |
| **–૨– પટેલ પ્રતિકકુમાર ભરતભાઈ** | **–૨–રાઠોડ હિરેન પ્રકાશભાઈ** |

**–૩– પટેલ મયુર ગુણવંતભાઈ** **–૩–દેસાઈ ભવ્ય મહેશભાઈ**

**–૪–ઢીમર પ્રતિક ચુનીલાલ**

હાલમા નગરપાલિકાના ઈજનેરશ્રી પ્રવિણભાઈ ઠાકોર તથા શ્રી મુકેશભાઈ પટેલ બન્ને ઈજનેરો ફરજ પર નથી.તેવા સંજોગોમા સરકારશ્રીની વિવિધ યોજનાઓ ,અમૃત સીટી જેવા પ્રોજેકટો હાથ ધરાનાર હોય જે માટે ટેકનીકલ સ્ટાફની જરૂરીયાત હોય જે ઘ્યાને લઈ ઉપરોકત પસંદગી ક્રમમા આવતા ઉમેદવારોમાંથી જરૂરીયાત મુજબના ઉમેદવારો પાસેથી રૂા.ઃ૧૦૦–ના સ્ટેમ્પ પેપર ઉપર કરારખત, બાંહેધરી પત્રક નિયમોનુસાર મેળવી સરકારશ્રીની વિવિધ યોજનાઓ ,અમૃત સીટી જેવા પ્રોજેકટોને પહોચી વળવા માટે ટેકનીકલ સ્ટાફની તદ્દન હંગામી ધોરણે ૧૧–માસના કરાર આધારીત રીન્યુ ન કરવાની શરતોને આધીન નિમણુક આપવાની તેમજ જરૂરીયાતના પ્રસંગે પ્રતિક્ષા યાદીના ઉમેદવારોમાથી તદ્દન હંગામી ધોરણે ૧૧–માસના કરાર આધારીત રીન્યુ ન કરવાની શરતોને આધીન નિમણુક આપવાની સત્તા મે.ચીફ ઓફીસર તથા પ્રમુખશ્રી,વલસાડ નગરપાલિકાને સોપવાનુ ઠરાવવામા આવેલ જેને બહાલ રાખવાનું ઠરાવવામા આવે છે.

જ.બો.ઠ.નં. ૯૦૨/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

વ.કા.નં.૪.:

**વિષય :–** સે.ક.ઠ.નં. ૧૬૬/તા. ૩૦/૧૦/૨૦૧૫ ની ભલામણ મુજબ સોલીડ વેસ્ટ સોલ્યુશન અમદાવાદ સાથે નગરપાલિકાની ડમ્પીંગ સાઈડે એકઠો કરાતા ધન કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાનો તા :૭/૧૧/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કરાર રદ કરવા બાબત.

–પ્રમુખ સ્થાનેથી રજુ.

**ઠરાવ.:**

સે.ક.ઠ.નં. ૧૬૬/તા. ૩૦/૧૦/૨૦૧૫ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા વિસ્તારમાંથી નીકળતા ધન કચરાનો નિકાલ નગરપાલિકા તેની ધન કચરા નિકાલની ડમ્પીગ સાઈટ નગરપાલિકાની હદને લાગુ આવેલ પારડી સાંઢ પોર ગ્રામ પંચાયતની હદમાં કરતી આવેલ છે. ના. સરકારશ્રી ધ્વારા ધન કચરા નિકાલ માટે આજ સુધી કોઈ લેન્ડફીલ સાઈટ ફાળવામાં આવેલ નથી તેવા સંજોગોમાં હાલની ડમ્પીંગ સાઈટ ઉપર એકઠો કરતા ધન કચરાનો નિકાલ વૈજ્ઞાનિક ઢ બે થાય તે માટે નગરપાલિકા આવું કામ કરતી એજન્સીની શોધમાં હતી અને તે માટે નગરપાલિકાએ તેની તા : ૨૭/૧/૨૦૧૪ ના રોજ મળેલ સમગ્ર સભામાં ઠરાવ નંબરઃ૩૦૬ પસાર કરી આ ઠરાવ આધારે નગરપાલિકાએ પ્રથમ તા : ૨૩/૭/૨૦૧૪ ના રોજના ‘ દિવ્ય ભાસ્કર’ દૈનિક પત્રમાં જાહેરાતન પ્રસિધ્ધ કરાવી એજન્સી પાસે ઓફરો મંગાવેલ હતી સમય મર્યાદામાં કોઈ એજન્સીની ઓફરો ન આવતા નગરપાલિકાએ બીજીવાર તા : ૧૪ / ૮ / ૨૦૧૪ ના રોજ ‘ ગુજરાત સમાચાર ’ દૈનિક પત્રમાં જાહેરાત પ્રસિધ્ધ કરાવી એજન્સીઓ પાસે ઓફરો મંગાવેલ હતી. સમય મર્યાદામાં ૦૩ ( ત્રણ) એજન્સીઓની ઓફરો આવેલ તે પૈકી શ્રી સોલીડ વેસ્ટ સોલ્યુશન , અમદાવાદની ઓફર યોગ્ય જણાતા તે એજન્સી પાસે આ કામગીરી કરાવવાનું નકકી કરી તેમની સાથે તા : ૭ / ૧૧ / ૨૦૧૪ ના રોજ નગરપાલિકાએ કરાર કરેલ હતો.

નગરપાલિકા સાથે એજન્સીએ કરેલ કરારની શરતોનું પાલન કરી શરતોનો ભંગ કરી ડમ્પીગ સાઈડે ધન કચરા નિકાલ માટે કોઈ કાર્યવાહી ન કરતા નગરપાલિકા તરફથી સદર એજન્સીને સે.જા.નં : ૫૨૪ / તા : ૨૩/૩/૨૦૧૫ થી નોટીશ પણ આપવામાં આવેલ તેમ છતાં આ એજન્સી તરફથી કોઈ કાર્યવાહી ન કરતા તેમની સાથે તા : ૦૭ / ૧૧ / ૨૦૧૪ ના રોજ કરવામા આવેલ કરાર રદ કરવાનું તેમજ બીજી કોઈ એજન્સી આ કામગીરી કરવા તૈયાર હોય તો તેમની સાથે કરાર કરી આ કામગીરી કરાવવાનુ ઠરાવવામા આવે છે.

– મંજુર.

જ.બો.ઠ.નં. ૯૦૩/તા. ૩૦/૧૦/૨૦૧૫

———————————————————————————————————

વ.કા.નં.૫.:

વિષયઃ–કા.સ.ઠ.નં. –૩૦૪ / તા.:૧૯–૧૦–૨૦૧૫ ની ભલામણ મુજબ વારીગૃહ શાખામાં કલ્યાણ બાગ ખાતે વાલ્વમેન તરીકે કાયમી કર્મચારી તરીકે નોકરી કરતાં વિનેશભાઈ મોહનભાઈ પટેલ–વાલ્વમેન ,તા.:૧૨–૪–૨૦૧૧ ના રોજ ચાલુ નોકરીએ વાલ્વ ઓપરેટ કરવાના કામે નીકળી જતા પાછા પરત આવેલ નથી. સદર કર્મચારીના પત્નીશ્રી મીરાંબેન વિનેશભાઈ પટેલના પરીવારજનોને રૂા.૧૦,૦૦૦/– ની સહાય આપવા તેમજ તેમના જી.પી.એફ.ના રૂા.૨૬,૧૨૫/–જમા છે.તે પુરેપુરા મળવા અથવા મળવાપાત્ર રકમના ઉચ્ચક ૫૦% નાણાંકીય સહાય આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

**ઠરાવ :**

કા.સ.ઠ.નં. –૩૦૪ / તા.:૧૯–૧૦–૨૦૧૫ ની ભલામણ મુજબ વારીગૃહ શાખામાં કલ્યાણ બાગ ખાતે વાલ્વમેન તરીકે કાયમી કર્મચારી તરીકે નોકરી કરતાં શ્રી વિનેશભાઈ મોહનભાઈ પટેલ–વાલ્વમેન , તા.:૧૦–૦૮–૧૯૯૮ ના રોજ થયેલ હતી. સદર કર્મચારી નીયમીત અને મહેનતી હતા. એકાએક તા.:૧૨–૪–૨૦૧૧ ના રોજ ચાલુ નોકરીએ વાલ્વ ઓપરેટ કરવાના કામે નીકળી જતા પાછા પરત આવેલ નથી. સદર બાબતને ધ્યાને લઈ સભ્યશ્રી પ્રવિણકુમાર ભાનુશાલી (કચ્છી) એ ગુમ થયેલ કર્મચારીના પરીવારને મળતી નાણાકીય સહાય માટે આવક નં.૨૧૩૭ / તા.૨૬–૮–૧૫ ના રોજ અરજી કરેલ છે. તેમજ સદર બાબતમા તા.:૧૩–૪–૨૦૧૧ ના રોજ સદર કર્મચારીના પત્નીશ્રી મીરાંબેન વિનેશભાઈ પટેલે પોલીસ ફરીયાદ નોંધાવેલ છે. જેને હાલે ૦૭ (સાત) વર્ષ પુર્ણ થયેલ નથી જેથી હજુ સુધી મૃત જાહેર કરેલ નથી. હાલે એમના પરીવારજનો ઘણી પુરુષાર્થ કરી ઘરનું ગુજરાન ચલાવે છે. એમના પરીવારમાં માતાશ્રી, પત્નીશ્રી અને એમની શાળામાં ભણતી ત્રણ છોકરીઓ છે. સદર કર્મચારીના જી.પી.એફ. નં.૬૪૫ હિસાબી વર્ષ ૨૦૧૧–૨૦૧૨ પ્રમાણે કુલ અંકે રૂા.૨૬,૧૨૫/– જમા છે. સદર જી.પી.એફના રકમ માટે કાયદાકીય કોઈ પ્રશ્ન ઉપસ્થિત ન પડે એ માટે પત્નીશ્રી પાસેથી જરૂરી એફીડેવીટ લેવી જરૂરી છે. જી.પી.એફ.ના નાણાં પુરેપુરા મળવાપાત્ર હોઈ અને સભ્યશ્રીની અરજી અન્વયે, જરૂરી ચર્ચા–વિચારણાંના અંતે, જી.પી.એફ.ના રૂા.૨૬,૧૨૫/–જમા છે. જે અંગેની બાંહેધરીપત્ર લખાવી સદર રકમ કર્મચારીની પત્નીને આપવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

– મંજુર...

જ.બો.ઠ.નં. ૯૦૪/તા. ૩૦/૧૦/૨૦૧૫

---

વ.કા.નં.૬.:

વિષયઃ– સ્પોર્ટસ કોમ્પલેક્ષમા સી.સી. ટી.વી. કેમેરા મુકવાનું કામ બાબત.

–પ્રમુખ સ્થાનેથી રજુ.

**ઠરાવ :**

કા.સ.ઠ.નં. –૨૨૪ / તા.:૧૦–૦૮–૨૦૧૫ ની ભલામણ મુજબ નામદાર સરકારશ્રીની યોજના હેઠળ મ્યુનિસ્પિલ હાઈસ્કુલની પાછળના ભાગે સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બનાવવામા આવેલ છે. સદર સ્પોર્ટસ કોમ્પલેક્ષના સંકુલમાં સી.સી.ટીવી કેમેરા મુકવાની જરૂરીયાત હોવાથી સદર કામે કા.ક.ઠ.નં. ૧૫૯/તા.૧૦–૧૦–૨૦૧૪ થી મંજુર થયા મુજબ સાંઈ આસ્થા ટેકનોલોજીસ વલસાડના ભાવો મંજુર કરવામા આવેલ છે. જેથી સદર મંજુર થયેલા ભાવથી કામગીરી કરવા લેખીત સંમતી આવેલ છે. તે મુજબ સદર સ્પોર્ટસ કોમ્પલેક્ષ સંકુલમાં મંજુર થયેલા ભાવથી કામગીરી કરાવેલ છે. સદર કરાવેલ કામગીરીને બહાલ રાખી આવેલ બીલનું ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર...

સભાનું કામકાજ પુર્ણ થતા પ્રમુખશ્રીએ સૌનો અભાર વ્યકત કરી જણાવ્યુ કે,હવે સભાનું કામકાજ પુર્ણ થાય છે .આપણે સૌ " જન ગણ મન " રાષ્ટ્રગીતથી સભાનું કામકાજ પુર્ણ કરીએ....." જન ગણ મન " રાષ્ટ્રગીતથી સભા પુર્ણ થઈ....

તા.: ૩૦/૧૧/૨૦૧૫

(સોનલબેન તેજશભાઈ સોલંકી ( જૈન )
પ્રમુખ,
વલસાડ નગરપાલિકા.